મિશન વિદ્યા અંતર્ગત શાળાઓમાં
બાળકો માટે ઉપચારાત્મક શિક્ષણ
કાર્ય કરવા બાબત

ગુજરાત રાજ્ય
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ જશભ/૧૨૧૮/સિં.ફા.-૩૧/ન
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૧૯/૭/૨૦૧૮

**વંચાણે લીધાઃ**

(૧) જી.સી.ઇ.આર.ટી.ની તા.૨૦/૬/૨૦૧૮ ની સિં.ફા. ક્રમાંક-૧૦૭.

પૂર્વભૂમિકા -

વર્ષ 2009થી રાજ્ય સરકારના શિક્ષણમાં ગુણવત્તા સુધારણા અન્વયે ગુણોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ ગુણોત્સવ કાર્યક્રમમાં શાળાના પ્રાપ્ત પરિણામ પરથી બાળકોમાં રહેલ કચાશ જાણી તેના ઉપચાર માટે શાળા કક્ષાએ કાર્યક્રમ કરવામાં આવે છે. આ વર્ષે પણ ગુણોત્સવ-8ના પરિણામ પરથી જે બાળકોનું પરિણામ વાચન, લેખન અને ગણનમાં નબળું જાણવા મળેલ છે, તે તમામ બાળકો માટે સઘન રીતે ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમ કરવાનું નિર્ધારિત કરવામાં આવેલ છે. આથી, શૈક્ષણિક વર્ષ 2018-19 દરમિયાન નીચે જણાવેલ મુદ્દાને અનુલક્ષીને ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમ માટે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતો.

**ઠરાવ -**

પુખ્ત વિચારણાને અંતે મિશન વિદ્યા અંતર્ગત શાળાઓમાં બાળકો માટે ઉપચારાત્મક શિક્ષણ કાર્ય કરવા બાબતે આથી, શૈક્ષણિક વર્ષ 2018-19 દરમિયાન નીચે જણાવેલ મુદ્દાને અનુલક્ષીને ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમ કરવાનું નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) સદર ઉપચારાત્ક શિક્ષણ કાર્યક્રમ '**મિશન વિદ્યા**' નામે ઓળખાશે.

(૨) મિશન વિદ્યાનો સમયગાળો **26 જુલાઇ 2018 થી 31 ઓગષ્ટ 2018** દરમિયાન રહેશે.

(3) સદર કાર્યક્રમમાં **ધોરણ 6 થી 8 માં વાચન, લેખન અને ગણન અંતર્ગત ઉપચારાત્મક શિક્ષણ કાર્ય** કરવામાં આવશે.

**(૪) પ્રેરણાત્મક બેઠક આયોજન (Orientation Meeting)**

- માન. શિક્ષણમંત્રીશ્રીની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાએ પ્રેરણાત્મક બેઠકનું આયોજન થયેલ છે.. જેમાં તમામ જિલ્લાના ડીઇઓ, ડીપીઇઓ, પ્રાચાર્ય, ડાયટ અધ્યાપકો, ટી.પી.ઇ.ઓ., કેળવણી નિરીક્ષકો, બી.આર.સી.કો. અને ભાષા તથા ગણિતના બી.આર.પી.ઓને ઉપસ્થિત રહેલ છે.

સદર બેઠકમાં માન. શિક્ષણમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને શિક્ષણ વિભાગના અધિકારીશ્રીઓ તથા HOD ઉપસ્થિત રહી મિશન વિદ્યા અંગે માર્ગદર્શન આપવામાં આવેલ છે.

**(૫) તાલીમ આયોજન**

- વાચન, લેખન અને ગણન માટે ઉપચારાત્મક કાર્ય કરવા જરૂરી સાહિત્ય તેમજ તાલીમ જીસીઇઆરટી તેમજ એસ.એસ.એ. દ્વારા આપવામાં આવશે. જરૂર જણાયે બાયસેગના માધ્યમથી તાલીમ/સૂચનાઓ આપવામાં આવશે.
- સદર મિશન વિદ્યા અનુસંધાને જિલ્લા કક્ષાએ મુખ્ય શિક્ષક / શિક્ષકો માટેની તાલીમનું આયોજન અને ખર્ચ જીસીઇઆરટી / ડાયટ દ્વારા કરવામાં આવશે.
- જરૂર જણાયે રાજ્યના તમામ વિભાગોના અધિકારીઓ અને શિક્ષણ વિભાગ અંતર્ગત કાર્યરત તમામ અધિકારીઓ / કર્મચારીઓ માટે ટેલિકોન્ફરન્સ કરીને એમને પણ આ મિશન વિશે જણાવવામાં આવશે.

**(૬) મિશન વિદ્યાનો શુભારંભ**

- મિશન વિદ્યાનો પ્રારંભ માન. મુખ્યમંત્રીશ્રી સરકારી પ્રાથમિક શાળામાં ઉપસ્થિત રહી કરાવશે.
- આ સાથે, તમામ મંત્રીશ્રીઓ, પ્રભારી સચિવશ્રીઓ, રાજ્ય સ્તરના ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજ જિલ્લા સ્તરના ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમને ફાળવેલ શાળામાં જઇ મિશન વિદ્યાનો પ્રારંભ કરાવશે.
- તમામ મંત્રીશ્રીઓ, પ્રભારી સચિવશ્રીઓ તેમજ અધિકારીઓને શાળાઓની ફાળવણી અને જાણ પ્રવેશોત્સવ તેમજ ગુણોત્સવ કાર્યક્રમની પેટર્ન મુજબ શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવશે.
- સમગ્ર મિશનનાં પ્રચાર પ્રસાર માટેની વ્યવસ્થા એસ.એસ.એ.નાં મિડીયા સેલ દ્વારા કરવામાં આવશે.

**(૭) રાજ્યકક્ષાએ અમલીકરણ**

- શિક્ષણ વિભાગ ઠરાવ સ્વરૂપે સૂચનાઓ પ્રસારિત કરશે તેમજ શિક્ષણ વિભાગ અંતર્ગત કાર્યરત સંસ્થાઓએ કરવાની કામગીરીની વહેંચણી કરશે.
- મિશન દરમિયાન રાજ્યકક્ષાએ કંટ્રોલ રૂમ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી તથા એસએસએ ખાતે શરૂ કરવાનો રહેશે.
- Executive Committee ની રચના કરવામાં આવશે, જેમાં નીચે મુજબના સભ્યો રહેશે,
  1. સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) – અધ્યક્ષ
  2. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન - સભ્ય
  3. નિયામકશ્રી, શાળાઓની કચેરી - સભ્ય

4. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ - સભ્ય
5. નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. – સભ્ય સચિવ

- દર પંદર દિવસે Executive Committee ની બેઠક યોજવાની રહેશે.
- રાજ્યકક્ષાએથી શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓને જિલ્લાઓના મોનીટરીંગની જવાબદારી સોંપવામાં આવશે.
- શિક્ષણ વિભાગ સિવાયના અન્ય વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ પણ સ્વૈચ્છિક રીતે આ કાર્યક્રમમાં જોડાઇ શકે. જેઓને ઇચ્છિત જિલ્લા/તાલુકા કે ગામ ફાળવી શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવશે.
- **સઘન ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમની સાથોસાથ અન્ય કોઇપણ કાર્યક્રમ ન યોજવામાં આવે તે સુનિશ્ચિત કરવામાં આવશે. તેમજ શિક્ષકને અન્ય કોઇ કામગીરી ન સોંપવામાં આવે તે સુનિશ્ચિત કરવાની રહેશે.**
- એસ.એસ.એ. દ્વારા કાર્યક્રમની શરૂઆતમાં વેબ પોર્ટલ શરૂ કરવામાં આવશે, જેમાં તમામ શાળાઓના ગુણોત્સવ-8ના પરિણામ આધારે વિદ્યાર્થીવાર પરિણામ (વાચન, લેખન અને ગણનમાં મેળવેલ ગુણની વિગત) દર્શાવેલ હશે. જેમાં, શિક્ષકો દ્વારા તેમણે કરેલ મૂલ્યાંકનની વિદ્યાર્થીવાર વિગત તેમજ સમગ્ર મિશનના અંતે થનાર મૂલ્યાંકનની વિગતો પણ અપલોડ કરવાની રહેશે.
- વેબ પોર્ટલના આધારે શાળાથી લઇને રાજ્ય સુધીનું ડેશબોર્ડ તૈયાર થશે અને ડેશબોર્ડ દ્વારા દરેક સ્તરે મોનીટરીંગની સમીક્ષા કરવાની રહેશે.

**(૮) જિલ્લા કક્ષાએથી કરવાની કાર્યવાહી**

- Implementing Committeeની રચના કરવામાં આવશે, જેમાં,
  - જિલ્લા વિકાસ અધિકારીશ્રી –અધ્યક્ષ
  - જિલ્લા શિક્ષણાધિકારીશ્રી - સભ્ય
  - પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - સભ્ય
  - જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી – સભ્ય સચિવ રહેશે.
- દર અઠવાડિયે Implementing Committeeની બેઠક યોજવાની રહેશે.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી દ્વારા મોનિટરિંગ અંતર્ગત દરેક સ્તરે જવાબદારી નકકી કરવાની રહેશે.
- જિલ્લામાં દરેક સી.આર.સી.કો., બી.આર.સી.કો., કેળવણી નિરીક્ષક, ટી.પી.ઇ.ઓ., બી.આર.પી., ઓ.આઇ.સી. તથા ડાયટ વ્યાખ્યાતાઓને ચોક્કસ શાળાઓની ફાળવણી

કરવાની રહેશે. આ ઉપરાંત, તેમને ફાળવવામાં આવેલ શાળાઓમાં માર્ગદર્શન આપશે તેમજ મોનિટરીંગ કરશે. જેમાં,

- સી.આર.સી.કો. 5 શાળાઓ,
- બી.આર.પી. 6 શાળાઓ,
- જિલ્લા ઓ.આઇ.સી. 3 શાળાઓ,
- કેળવણી નિરીક્ષક 4 શાળાઓ,
- ટી.પી.ઇ.ઓ. 2 શાળાઓ,
- બી.આર.સી.કો. 2 શાળાઓ,
- ડાયટ વ્યાખ્યાતાઓ 2 શાળાઓ ની ફાળવણી કરવાની રહેશે.

**(૯) શાળા કક્ષાએ અમલીકરણ યોજના**

- ઉપચારાત્મક શિક્ષણ કાર્ય માટે જે તે ધોરણના વર્ગ શિક્ષક દ્વારા તેમના વર્ગમાનાં તમામ વિદ્યાર્થીનું વાચન, લેખન અને ગણન સંદર્ભે મૂલ્યાંકન કરી નબળું પરિણામ ધરાવતા વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવાની રહેશે. જેની ચકાસણી સી.આર.સી. દ્વારા કરાશે.
- **ધોરણ ૬ થી ૮ માટે નીચે મુજબના સમયપત્રક અનુસાર કામગીરી કરવાની રહેશે.**

| સમય | પ્રવૃત્તિ |
|---|---|
| ૧૦-૦૦ થી ૧૧-૦૦ | વાચન કાર્ય |
| ૧૧-૦૦ થી ૧૧-૩૦ | પ્રાર્થના કાર્યક્રમ અને વર્ગ વ્યવસ્થા |
| ૧૧-૩૦ થી ૧૨-૩૦ | ગણન કાર્ય |
| ૧૨-૩૦ થી ૧૫-૦૦ | શાળા સમયપત્રક મુજબ |
| ૧૫-૦૦ થી ૧૬-૦૦ | લેખન કાર્ય |
| ૧૬-૦૦ થી... | શાળા સમયપત્રક મુજબ |
| • સવારની પાળીની શાળાઓ માટે શાળા સમય બાદ એક કલાક વધારે આપવાનો રહેશે. | |
| • બપોરની પાળીની શાળાઓ માટે શાળા સમય પહેલાં એક કલાક વધારે આપવાનો રહેશે. | |

- આમ, **કુલ 3 કલાકનું ઉપચારાત્મક શિક્ષણ કાર્ય મિશન વિદ્યાનાં સમયગાળા દરમિયાન દરરોજ કરવામાં આવશે. શાળા સમય ઉપરાંત એક કલાક વધુ વિદ્યાર્થીઓને આવવાનું રહેશે તથા સમગ્ર કાર્યક્રમ બાબત વાલીઓને અવગત કરાવવાના રહેશે.**
- આ ઉપરાંત, ગુણોત્સવ-8ના પરિણામના આધારે વાચન, લેખન અને ગણન માટે **<u>ધોરણ 3 થી 5માં</u>** જે વિદ્યાર્થીઓના 10 ગુણમાંથી 5 અને તેનાથી ઓછા ગુણ આવેલ છે, તે તમામ વિદ્યાર્થીઓ માટે **<u>શાળા સમય દરમિયાન બે કલાક</u>** ઉપચારાત્મક શિક્ષણ કાર્ય કરવાનું રહેશે.

- શાળાના તમામ શિક્ષકો એક ટીમવર્કમાં કાર્ય કરશે તેમજ વર્ગખંડમાં હોશિયાર વિદ્યાર્થીઓની મદદથી ઉપચાર મેળવતા વિદ્યાર્થીઓ સાથે સહ-અધ્યાયી અધ્યયન (Peer learning) કરાવવાનું રહેશે.
- શાળા સમયબાદ આ વિદ્યાર્થીઓને મહાવરો કરાવવાની કામગીરી જે તે ગામના સ્વયંસેવકો (જેવા કે, ઉચ્ચ અભ્યાસ કરેલ અથવા કરતાં યુવક-યુવતીઓ, નિવૃત્ત કર્મચારીઓ તેમજ સેવાભાવી સંસ્થાના કાર્યકરો) દ્વારા પણ કરવામાં આવે તેવા પ્રયત્નો કરવાના રહેશે.
- મિશન વિદ્યા દરમિયાન શિક્ષકો દ્વારા શરૂઆતથી લઇ દર પંદર દિવસે વિદ્યાર્થીઓના મૂલ્યાંકનના ગુણ પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે.

**(૧૦) મૂલ્યાંકન**

- સમગ્ર કાર્યક્રમના અંતે ધોરણ 6 થી 8ની તમામ શાળાઓના બાળકોનું વાચન, લેખન અને ગણન સંદર્ભે ગુણોત્સવ પેટર્ન અનુસાર મૂલ્યાંકન જીસીઇઆરટી / એસએસએ દ્વારા કરવામાં આવશે. મૂલ્યાંકન પ્રક્રિયા સમગ્ર રાજ્યમાં ત્રણ દિવસ ચાલશે.
- આ મૂલ્યાંકન કાર્ય રાજ્યકક્ષાએથી પસંદ કરવામાં આવેલ વિવિધ ટીમ દ્વારા કરવામાં આવશે. સદર ટીમમાં રાજ્યની વિવિધ ડી.એલ.એડ્. સંસ્થા, બી.એડ્. સંસ્થા, એમ.એસ.ડબ્લ્યુ. સંસ્થામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, નિવૃત શિક્ષકો તથા નક્કી કરવામાં આવેલ એન.જી.ઓ./એજન્સીઓના સભ્યોની મદદથી કરવામાં આવશે. જરૂર જણાય તો અન્ય કોલેજના વિદ્યાર્થીઓની પણ મદદ લઇ શકાશે.
- સદર ટીમના સભ્યોને નેશનલ એચિવમેન્ટ સર્વેમાં ફિલ્ડ ઇન્વેસ્ટીગેટરની કામગીરી પેટર્ન અનુસાર માનદ વેતન આપવામાં આવશે. સદર મૂલ્યાંકન કાર્ય માટે થનાર આનુષંગિક ખર્ચ એસ.એસ.એ. કચેરી દ્વારા કરવામાં આવશે.
- મૂલ્યાંકન માટેની સામગ્રી જીસીઇઆરટી દ્વારા તૈયાર કરવામાં આવશે.

આ ઠરાવ સરકારશ્રીની આ વિભાગની સિંગલ ફાઇલ ઉપર તા. ૧૧/૭/૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી. પી. ચૌહાણ)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ
ગાંધીનગર

નકલ રવાના -:

(૧) માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન.રા.ક. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૪) અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૫) સચિવશ્રી (પ્રા. & મા.શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) નાયબ/સંયુક્ત/અધિક સચિવશ્રી (જીસીઇઆરટી), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
(૮) નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર.
(૯) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી. એસ.એસ.એ., સેક્ટર-૧૭, ગાંધીનગર.
(૧૦) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગાંધીનગર.
(૧૧) નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ, ગાંધીનગર.
(૧૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર.
(૧૩) નિયામકશ્રી, જીસીઇઆરટીની કચેરી, સેકટર-૧૨, ગાંધીનગર.
(૧૪) અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર.
(૧૫) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
(૧૬) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ (નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત)
(૧૭) શાસનાધિકારીશ્રી, તમામ (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
(૧૮) પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ (જીસીઇઆરટીની કચેરી મારફત)
(૧૯) સિલેક્ટ ફાઇલ